## આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

જગતજનની બાલા સ્વરૂપ મા બહુચરના આનંદના ગરબાનું બહુચરાજી, દહેગામ અને ઈડર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. દિલીપભારતી ગોસ્વામી અને બાલ કીર્તનકાર ગોસ્વામી હિરલની વ્યાસપીઠે તા. ૨૧મી એપ્રિલને શનિવારે સવારે ૧૧ કલાકે બહુચરાજી ખાતે તથા ૨૫મી એપ્રિલને બુધવારે રાત્રે ૮ કલાકે મોડાસા રોડ, દહેગામ ખાતે અને ૨૯મી એપ્રિલને રવિવારે સવારે ૧૧ કલાકે અંબાજી તથા રાત્રે ૮ કલાકે ભદ્રેશ્વર, ઈડર ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો ભક્તોને લાભ લેવા ખાસ જણાવાયું છે.

## ચિલોડા ખાતે મહાકાળી જ્વેલર્સના વેપારીનું એસિડથી સારવાર બાદ મોત નીપજ્યું

ગાંધીનગર જિલ્લાના ચિલોડા સર્કલથી ચિલોડા એપ્રોચરોડ પર મુખ્ય બજારમાં આવેલી મહાકાળી જ્વેલર્સના માલિક નામે કાન્તીભાઈ મૂળચંદભાઈ સોની બપોરના ૧૨.૩૦ ના અરસામાં પોતાની દુકાનમાં કામમાં વ્યસ્ત હતા. તે દરમ્યાન સોના-ચાંદીના દાગીના ધોવાનો એસિડ લેવા જતાં અચાનક ચક્કર આવતાં પડી ગયા હતા. પરિણામે શરીર પર એસિડ પડતાં મોઢાનાં જમણા ભાગે ગંભીર રીતે દાઝી ગયા હતા. આમ લોક મુખે ચર્ચાતી વાત મુજબ સદર વેપારીએ એસિડ ગટગટાવી મોત વહાલું કરવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાવાયેલ છે. આ ઈજાગ્રસ્ત કાન્તીભાઈ સોનીને તુરત ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. આ અંગે ચિલોડા પોલીસ સ્ટેશને જાણવા જોગ અરજીના આધારે હે.કો. કાન્તીભાઈ રાવલ વધુ તપાસ ચલાવી હતી.

## માધવગઢના યુવાનનું સર્પદંશથી મોત

ગાંધીનગર જિલ્લાના સાદરા પાસે આવેલું માધવગઢ ગામના ૨૩ વર્ષીય યુવાને દિલીપભાઈ શનાભાઈ રાવળ તા. ૧૧મી એપ્રિલે રાત્રે ૮ વાગે તેની આસપાસના ચંન્દ્રાલા ગામની સીમમાંથી સાપ કરડતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે રાત્રે ૧૧.૧૫ વાગ્યાના અરસામાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. વધુ સારવાર બાદ પણ તેઓને બચાવી શકાયા ન હતા. અને તા. ૧૮મી એપ્રિલની રાત્રે ૪ વાગ્યાના સુમારે તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

# વિદેશી દારૂનો ધંધો કરતા ત્રણની ધરપકડ : ૧૨ નંગ બોટલો કબજે

## કલોલમાં પેટ્રોલીંગ દરમિયાન પોલીસને હકીકત ધ્યાને આવતા રેઈડ કરી

ગાંધીનગર, તા. ૧૮

કલોલમાં વિદેશી દારૂનો ધંધો કરતા ત્રણ ઈસમોને એલ.સી.બી. પોલીસે પકડી પાડી દારૂની ૧૨ નંગ બોટલો સહિત રૂ. ૩૬૦૦નો મુદ્દામાલ કબજે લીધો છે. ભાગીદારીમાં ધંધો કરતા આ ત્રણેય ઈસમોની પૂછતાછ હાથ ધરવામાં આવી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લામાં દારૂના દુષણને ડામવા એલ.સી.બી. પોલીસે ખાસ પેટ્રોલીંગ હાથ ધર્યું છે. આ દરમિયાન કલોલમાં ચિરાગ સિનેમા પાસે દરબાર લોજ ઉપર વિદેશી દારૂનું વેચાણ થતુ હોવાની હકીકત પોલીસના ધ્યાને આવી હતી. જેના આધારે પોલીસે સ્થળ પર રેઈડ કરતા શંકાસ્મદ માલુમ પડેલા ભાવસિંહ ડાહ્યાસિંહ ગોહિલ ઉં.વ. ૪૯ (રહે. દરબાર લોજ પાસે સઈજ) તેમજ આરોપી જયેશ બકાજી ઠાકોર (ઉં.વ. ૨૭ રહે. સઈજ)ની પૂછતાછ હાથ ધરી હતી. આરોપીઓની વધુ તપાસ દરમિયાન તેમની પાસેથી બ્લુમુન જીનની વિદેશી દારૂની ૧૨ નંગ બોટલો મળી આવી હતી. પરમીટ વગરની આ દારૂની બોટલો હાથ લાગતા પોલીસે આરોપીઓની સઘન પૂછતાછ કરી હતી. આ દરમિયાન દારૂની આ બોટલો સઈજના વિજય આતાજી ઠાકોર નામના ઈસમે આપી હોવાનું આરોપીઓએ જણાવ્યું હતું. દારૂનો સપ્લાય કરનાર આરોપીને પણ પોલીસે સઈજ ખાતેથી ઝડપી લીધો હતો. પોલીસે ત્રણેય ઈસમોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં ચૂંટાયેલા ૮૦ ટકાથી વધુ સરપંચો ભાજપાની વિચારસરણી ધરાવે છે : નરોત્તમભાઈ

ગાંધીનગર, તા. ૧૮

રાજયના ૨૬ જિલ્લાઓમાં યોજાયેલી ૧૨૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાંથી ૯૧૨ સરપંચો એટલે કે ૮૦ ટકાથી વધુ ભાજપાની વિચારસરણી ધરાવે છે એમ પંચાયત મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલે જણાવ્યું છે.

મંત્રીશ્રી પટેલે ઉમેર્યું કે ગ્રામ્ય કક્ષાએ પણ કોંગ્રેસની નકારાત્મક રાજનીતિને પ્રજાએ જાકારો આપ્યો છે અને ભાજપની હકારાત્મક મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસ યાત્રાને સમર્થન આપીને પ્રજાએ જે વિશ્વાસ મૂક્યો છે તેને ગુમરાહ કરવા કોંગ્રેસ હતાશ થઈને બેજવાબદારીભર્યા નિવેદનો કરે છે તે જ દર્શાવે છે. રાજની પ્રજા તેમને ક્યારેય સ્વીકારવાની નથી.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે પ્રવર્તમાન સરકારે ગ્રામ્ય વિસ્તારમાં વેરઝેર અને રાગદ્વેષને નાબૂદ કરવા માટે સમરસ ગ્રામ પંચાયતોને આર્થિક સહાય આપવાની યોજના જાહેર કરી છે તેનો કોંગ્રેસે વિરોધ કર્યો હતો તેને પણ જનતાએ ફગાવી દીધો અને રાજ્યભરમાં ૪૩૪ પંચાયતો સમરસ બની છે. તેમાં ૬૭ મહિલા અને ૩૬૭ સામાન્ય સરપંચો સમરસ બન્યા છે. તેમણે ઉમેર્યું કે સમરસ પંચાયતો ન બને તે માટે કોંગ્રેસે એક ઉમેદવાર ઊભો કરીને ઘણી પંચાયતોને સમરસ થતી અટકાવી છે તે જ કોંગ્રેસની નકારાત્મક રાજનીતિ સ્પષ્ટ થાય છે.

મંત્રીશ્રી પટેલે કહ્યું કે, રાજ્યભરમાં કોંગ્રેસ વિરોધી માનસિકતા ઊભી થઈ છે ત્યારે કોંગ્રેસ બોબાકળી બનીને બેજવાબદાર નિવેદનો કરીને પ્રજાને ગૂમરાહ કરે છે. તેને ગુજરાતની પ્રજા ક્યારેય સાંખી લેશે નહીં. રાજયમાં યોજાયેલી ૧૨૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાંથી ૯૧૨ સરપંચો ભાજપની વિચારસરણીવાળા છે તે જ દર્શાવે છે કે ગુજરાત વિકાસ યાત્રાને ગ્રામ્ય કક્ષાએ પણ અભૂતપૂર્વ સમર્થન મળ્યું છે.

## કલોલ તાલુકા ગરીબ કલ્યાણ મેળામાં ૮૧૧૫ લાભાર્થીઓને રૂપિયા ૭ કરોડ ૯૫ લાખની સહાય ચૂકવાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાનો ગરીબ કલ્યાણ મેળો શિક્ષણ રાજય મંત્રી અને જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણની ઉપસથિતિમાં તા. ૧૯/૦૪/૨૦૧૨ના રોજ સાંજના ૫.૦૦ કલાકે સરકારી ટેકનિકલ હાઈસ્કૂલ, કલોલ ખાતે યોજાનાર છે. આ ગરીબ કલ્યાણ મેળામાં કૂલ ૮,૧૧૫ લાભાર્થીઓને રૂપિયા ૭ કરોડ ૯૫ લાખની વિવિધ વ્યકિતલક્ષી અને અન્ય યોજનાઓ અંતર્ગત. સાધન-સહાયનું હાથોહાથ વિતરણ કરવામાં આવશે. આ ગરીબ કલ્યાણ મેળામાં સાંજના ૭.૦૦ કલાકે રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વિડિયો કોન્ફરન્સ દ્વારા ગરીબ કલ્યાણ મેળામાં ઉપસથિત જનમેદનીને સંબોધશે.

# ગટર તો ઉભરાય જ ને! સેકશન અધિકારીનો જવાબ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેકટર-૧૨માં રહેતા બે વસાહતીએ પોતાને ત્યાં દસેક દિવસથી મેઈન ગટર ઉભરાવાની ફરિયાદ સેકટર-૧૨ની સુવિધા કચેરીમાં આઠથી દશ વખત કરી હતી. પરંતુ ત્યાંથી યોગ્ય જવાબ ન મળતાં વસાહતીઓ સેકટર-૩ની ડ્રેનેજ કચેરીમાં ગયા હતા અને ત્યાં ગટર ઉભરાયાની રજૂઆત કરતા ત્યાંના એસ.ઓ.એ 'ગટર તો ઉભરાય જ ને !' તેવો અણઘડ જવાબ આપી સ્થાનિકજનોની રજૂઆતને અવગણી હતી.

સેકટર-૧૨ના પ્લોટ નં. ૮૦/૩૪/૨ ટાઈપ ખાતે રહેતા દિપેશ પરમારે તથા બે વસાહતી ભાઈઓએ સેકટર-૧૨ની સુવિધા કચેરીમાં આઠથી દસ વખત ફરિયાદ બુકમાં પોતાને ત્યાં ગટર ઉભરાય છે તેની રજૂઆત લખી હતી.

સુવિધા કચેરીના કર્મચારીએ મેઈન ગટર ઉભરાયાની વાત કરી જણાવી સ્થાનિકજનોના પ્રશ્ને રદિયો આપી દીધો હતો. દિપેશ પરમારે આ રજૂઆત સેકટર-૩ની ડ્રેનેજ કચેરીમાં એસ.ઓ. તરીકે ફરજ બજાતા જિગ્નેશ પટેલને કરી હતી. પરંતુ તેમણે પણ યોગ્ય જવાબ ન આપી સ્થાનિકજનોની રજૂઆતને વાહિયાત ગણી હોય તેમ વર્તન કર્યુ હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી.

## આયુર્વેદિક દવાખાને દર માસના બીજા શનિવારે ડાયાબિટીસ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલા આયુર્વેદિક દવાખાને દર માસના બીજા શનિવારે ડાયાબિટીસ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં ગાંધીનગરના તેમજ આસપાસના ઘણાખરા દર્દીઓ નિયમિત રીતે કેમ્પમાં જોડાય છે અને આયુર્વેદિક દવાઓ મેળવી રોગમાં રાહત પામે છે.

મધુપ્રમેહ એટલે કે ડાયાબિટીસનો રોગ આજકાલ મોટા પ્રમાણમાં દર્દીઓમાં જોવા મળી રહ્યો છે. બેઠાડુ જીવન અને અનિયમિત જીવનૈ લીથી મોટાભાગનાં લોકો આ રોગનો ભોગ બને છે ત્યારે ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલા આયુર્વેદિક દવાખાને દર્દીઓને રોગમાં રાહત થાય તે માટે ડૉ. રાકેશ નવનીતલાલ ભટ્ટે દર માસના બીજા શનિવારે ડાયાબિટીસ કેમ્પનું આયોજન કર્યું છે. જેમાં જુદા જુદા સાધનો દ્વારા દર્દીને કસરત કરાવવામાં આવે છે અને પરેજી પાડી નિયમિત જીવનશૈલી દ્વારા અને યોગ્ય ખોરાક નિયમન સાથે આયુર્વેદિક દવા આપી રોગ મટાડવાના, તેને કાબુ કરવાના સફળ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સાથે સાથે વરિષ્ઠ નાગરિકો માટે દર ગુરૂવારે સાંજના સમયે યોગ્ય સારવાર અને નિદાનનો કાર્યક્રમ યોજાય છે. જેનો જાણકાર લોકો બહોળી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

### બાઈકર્સ ગેન્ગ....

● છેલ્લા પાનાનું ચાલુ

નગરજનો અહીં બેસવા માટે આવે છે પણ આવા તોફાની બાઈકર્સ એમના માટે જોખમ ઊભું કરે છે. પોલીસે સત્વરે આ બાબતે પગલાં લેવાની જરૂર છે. નહીંતર કાં એવું બનશે કે આ બાઈકર્સ કોઈના જીવ માટે ખરેખર જોખમ ઊભું કરશે કાં તો શેરને માથે સવાશેર જેવું બીજું કોઈ આ બાઈકર્સને ફટકારશે. પોલીસ માટે બંને ઘટનાઓ અનિચ્છનીય જ છે. અને પછી બનશે એવું કે વિફરેલી પોલીસ નિર્દોષ નાગરિકો ઉપર ડંડા લઈને તૂટી પડશે, સામાન્ય નાગરિકોનેય ખુલ્લા વિસ્તારમાં મોડે સુધી બેસવા દેવાની મનાઈ ફરમાવવામાં આવશે. દસ-બાર તોફાનીઓના વાંકે સજા આખા નગરને મળશે. એમ ન થાય એટલે અત્યારથી જ પગલાં લેવાની જરૂર છે. પોલીસની હાજરી રહેશે તોય ઘણું કામ થઈ શકશે.

## સમાચાર ઝલક

- ભરૂચમાં વાવમાં ડૂબી જતા યુવાનનું મોત.
- ડુંગરી પોલીસની આબરૂના ધજાગરા : બે બેંકોના તાળાં તૂટ્યાં.
- કામરેજમાં વૃક્ષ સાથે બાઇક ટકરાતા ત્રણના મોત.
- સુરતમાં મહિલાને ઇન્જેકશન મૂકતા જ મોત થતાં ભારે હોબાળો.
- ઘોઘા-દહેજ ફેરી સર્વિસ માટે જમીન, દરિયો, સોઇલ ટેસ્ટ પૂર્ણ.
- ઉત્તર ગુજરાતના ખાંભેલમાં જૂથ અથડામણ : સળગતા કાકડા અને પથ્થરમારા કરાતાં તંગદીલી.
- પાલમાં મંદિરનાં મહંતના માથા પર શ્રીફળ વધેરી પીઠમાં ચપ્પુ હુલાવાયું.
- કંડલાની રેલ્વે ઝૂંપડપટ્ટીમાં આગથી નાસભાસ.
- શુક્રવારની લાયરિડસ ઉલ્કા વર્ષાનો નજારો જોવા મળશે.
- ભરૂચ જિલ્લાના ઝઘડિયા પાસે નર્મદા નદીમાં ડૂબી જવાથી પાંચ છોકરીઓ અને એક છોકરા સહિત છ બાળકોનાં મોત.
- ભરૂચ આવકવેરા કચેરીનો કર્મચારી લાંચ લેતા ઝડપાયો.
- વાઘોડિયામાં પોલીસ પર ટોળાનો હુમલો : ટીયરગેસ સેલ છોડાયા.
- ઉકાઇ નહેર ખાતાના કલાર્કે પાણી છોડવા રૂ.૨૫૦૦ ની લાંચ માંગી.
- સામખિયાળી નજીક હોટલ પાસે રૂ. પાંચ લાખ ભરેલા થેલાની તફડંચી થઇ.
- ભાવનગરના મહુવામાંથી ડુપ્લીકેટ - રેડીમેઇડ ઘીનો ગોરખધંધો કરતો વેપારી ઝડપાયો.

# શાંતિ એક્સપ્રેસમાંથી મહિલાનું પર્સ ચોરાયું

## વડોદરા રેલવે સ્ટેશનેથી ચોરાયાની ફરિયાદ : રોકડા રૂા. ૧૧૦૦ પર્સમાં હતા

*અમદાવાદ, તા.૧૮*

*મધ્યપ્રદેશથી શાંતી એક્સપ્રેસમાં અમદાવાદ આવી રહેલી મહિલાનું પર્સ ચોરાયું હોવાની ફરિયાદ કાલુપુર રેલવે પોલીસ ચોપડે નોંધાઈ છે.*

*ઘટનાની વિગતએવી છે કે કુબેરનગર કિશોર સ્કૂલ પાસો ટેઉરામ સોસાયટીમાં વર્ષાબેન દીપકકુમાર વાસનાની (ઉ.વ. ૨૬) રહે છે. વર્ષાબેન પોતાની મામાની દીકરીના લગ્નમાં દેવાશ, મધ્યપ્રદેશ ખાતે ગયા હતા.*

*દરમ્યાનમાં તેઓ શાંતી એક્સપ્રેસમાં પરત ફરતા હતા. ત્યારે વડોદરા રેલવે સ્ટેશને રોકડ રૂા. ૧૧૦૦ અને મોબાઈલ ભરેલું પર્સ ચોરી થઈ ગયું હોવાની જાણ થઈ હતી. બાદમાં અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશન પર આવી તેમણે આ અંગેની ફિરયાદ નોંધાવી હતી.*

## શબ્દાવલી - ૪૭૦૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | |
| ૯ | | ■ | ૧૦ | | | ■ | ■ |
| ૧૧ | | ■ | ૧૨ | | | ૧૩ | ૧૪ |
| | ■ | ૧૫ | | ■ | ■ | ૧૬ | |
| ૧૭ | | | | ૧૮ | ■ | ■ | |
| ■ | ■ | | ■ | ૧૯ | ૨૦ | ૨૧ | |
| ૨૨ | | | ■ | ૨૩ | | | ■ |

### આડી ચાવી

૧. શૉક કે વિરોધ દર્શાવવા કામધંધો બંધ કરવો તે (૪)
૪. છીંકણી, સુંઘણી (૩)
૭. વાંચનાર (૩)
૮. કીડા કે જીવડાથી તળે ઉપર થાય તેવું (૪)
૯. એડો (ભોજપુરી ભાષા જેવા ટોનમાં) (૨)
૧૦. ગુપ્તની સરવાણી, નાનું ઝરણું (૨)
૧૧. પાણીની સરવાણી, નાનું ઝરણું (૨)
૧૨. બાતમી, મેળવનાર ખાતુ (૫)
૧૫. રાજન, પ્રજાપાલક (૨)
૧૬. ગળુ, ગ્રીવા (૨)
૧૭. આંખો પાણીથી ભરેલી દેખાય તે (૫)
૧૯. 'હોનહાર' શબ્દ આડોઅવળો (૪)
૨૨. રક્તવાહિની (૩)
૨૩. ઠઠ્ઠા-મશ્કરી (૩)

### ઊભી ચાવી

૧. વિમાન, બલૂન (૬)
૨. 'ડચ' જેવો અવાજ કરવો તે (૪)
૩. લાગ, મોકો (૨)
૪. નામોશી (૪)
૫. જયારે, હિન્દીમાં.... (૨)
૬. કેન્સલ (૨)
૮. માલનું ખપી જવું (૩)
૧૦. અઘરૂં કામ, ગૂંચવાયેલું કાર્ય (૪)
૧૩. .... ખોદે તે પડે (૨)
૧૪. ખોટ, ગેરફાયદો (૪)
૧૫. પાટનગર, કેપિટલ સીટી (૪)
૧૮. .... કરીને પડો, ફતેહ છે આગે (૩)
૨૦. છૂટ્ટી, રવિવાર.... નો દિવસ (૨)
૨૧. હાકલ, મોટેથી અવાજ આવવો (૨)

### શબ્દાવલી ૪૭૦૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) પકડદાવ (૫) હિના (૬) થડકાર (૮) જણસ (૯) અનુપમ (૧૧) હું (૧૨) નતજ (૧૩) ઝલક (૧૫) બવાસીર (૧૭) ખલાસ (૨૦) કાસ (૨૧) ખખડધજ (૨૩) રન-વે (૨૪) પકવાન

**ઊભી ચાવી :-** (૧) પથરી (૨) કડ (૩) ડકાર (૪) દાટ (૫) હિણપત (૬) નાસમજ (૮) ઝનૂન (૧૦) હલવાસન (૧૩) ઝબકાર (૧૪) કસી (૧૬) રખ (૧૭) ખડક (૧૮) લાઘવા (૧૯) સજન (૨૨) ખપ

### જવાબદારી માટે ઉત્સુક નથી...

● પહેલા પાનાનું ચાલુ

જોડાયેલી હોય છે. નહિ કે તે આવકના સાધન તરીકે ઉપીયોગ કરવા માટે.

ભાજપનો વિરોધ કરતાં કોંગ્રેસના ચીમનભાઈ વિંઝુડા, પ્રવિણ પટેલ, અશ્વિન વ્યાસ તેમજ હર્ષજીત પંડ્યાએ જણાવ્યું હતું કે આર્થિક રીતે સક્ષમતા પ્રાપ્ત થઈ નથી ત્યારે સરકારની ઉતાવળમાં રાજકીય બદબૂ આવી રહી છે. કાઉન્સીલર જીતુ રાયકા, હસમુખ મકવાણા અને શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે રાજકીય કિન્નાખોરી રાખતી સરકાર અન્ય સેવાઓ આપવા માટે કેમ તબક્કાઓની વાત કરે છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર તેની નિષ્ફળતાઓ છુપાવવા કોર્પોરેશનને બલિનો બકરો બનાવવા માંગે છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને તમામ સત્તા, ફરજો, કાર્યો અને સંપૂર્ણ વિભાગોનો વહીવટ દરજ્જો સોંપવા બાબત, રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ તરફથી ક્રમાંક: જીએમસી/૧૮૨૦૧૨/એમ-૨/પી નો તા. ૧૪-૩-૨૦૧૨નો પત્ર લખી પાણી ગટરની સેવાઓ બાદ તબક્કાવાર અન્ય સેવાઓ આપવાનો નિર્દેશ આપ્યો હતો.

સમગ્ર બાબતો પર કાળજીપૂર્વકની વિચારણા કરી આજે સામાન્યસભામાં જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની જોગવાઈઓ હેઠળ ગાંધીનગર મહાનગરપાલિકાની રચના થયા પછી કાયદા પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકાને તમામ સત્તા,ફરજો, કાર્યો અને સંપૂર્ણ વિભાગોનો વહીવટ દરજ્જો તાત્કાલિક સોંપી દેવાની રાજ્ય સરકારની ફરજ બને છે. જેમાં કોર્પોરેશનના વિધિસરના ઠરાવની કોઈ આવશ્યકતા નથી. પત્રમાં જણાવ્યા મુજબ ગાંધીનગર મહાનગરપાલિકાને વધુ સ્વાયત્ત અને સક્ષમ બનાવવા માટે ગાંધીનગર શહેરમાં રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધી પુરી પાડવામાં આવતી સેવાઓ ધીમે ધીમે પરત ખેંચીને ગાંધીનગર મહાનગરપાલિકાને હસ્તાંતરણ કરવાની કામગીરી કરવાની રહે છે. મેયરે જણાવ્યું છે કે કાયદાની હકીકતથી સરકાર પૂરેપુરી વાકેફ હોવા છતાં કોર્પોરેશનની રચનાને બે વર્ષ જેટલો સમય થવા આવ્યો છતાં ગાંધીનગર મહાનગરપાલિકાને સક્ષમ બનાવવા તથા સત્તા અને તમામ વિભાગોને વહીવટી દરજ્જો સોંપવા બાબત સમયસર પરિણામલક્ષી કાર્યવાહી કે નિર્ણયો લેવામાં આવેલ નથી જે કાયદા વિરૂદ્ધ છે. રાજ્ય સરકારશ્રીએ ગાંધીનગર મહાનગરપાલિકાને વધુ સ્વાયત્ત અને સક્ષમ બનાવવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ તેવી પણ માંગ આજની સામાન્ય સભામાં કરાઈ હતી.

ગાંધીનગર મહાનગરપાલિકા કાયદા અન્વયે મળેલી તમામ સત્તા, ફરજો, કાર્યો અને સંપૂર્ણ વિભાગોનો વહીવટ કરવા તૈયાર છે. તેમ છતાં મહાનગરપાલિકાને સક્ષમ બનાવવા માટે રાજ્ય સરકાર ખરેખર કટીબદ્ધ હોય તો સૌપ્રથમ ટાઉન પ્લાનિંગ, રોડ-રસ્તા, રંગમંચો, વોર્ડ કચેરી માટે સુવિધા કેન્દ્રો, જમીન મિલકત તથા પ્રાથમિક શિક્ષમ વિગેરે વિભાગો મહાનગરપાલિકાને સુપ્રત કરવા જોઈએ, ત્યારબાદ અન્ય વિભાગો અને છેલ્લે ગટર, પાણી જેવા વિભાગો દર વર્ષના નિભાવણી તથા મહેકમ ખર્ચ અને જરૂરી ગ્રાન્ટ સાથે કોર્પોરેશનને હસ્તાંતરણ કરવામાં આવે તો તે ગાંધીનગરના પ્રજાજનો અને ગાંધીનગર મહાનગરપાલિકાના વહીવટ માટે હિતકારક નિવડશે.

### રાજકીય રમત...

● પહેલા પાનાનું ચાલુ

શ્રી રાણાએ જણાવ્યું હતું કે સરકારે કોર્પોરેશનની રચના પછી નવ વખત દરખાસ્ત મોકલી પણ તેની એકવાર જાણ કરી નથી. વિપક્ષી નેતા મનુભાઈ પટેલ, કાર્તિક પટેલ, આશિષ દવે, સુરેશ મહેતાના આક્ષેપોને ફગાવતાં તેમણે જણાવ્યું કે કોર્પોરેશનની રચના પહેલાં સરકારને આવી દરખાસ્ત કરતાં કોણે અટકાવી હતી.

આ પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન કોંગીના શ્રી ચિમનભાઈ વિંઝુડા, જીતુ રાયકાએ તો ભાજપના શાસનકર્તાઓ કેન્દ્રના નાણાં અન્ય જગ્યાએ વાપરી રહ્યાનો આક્ષેપ કર્યો હતો. જો કે ભાજપના શ્રી કાર્તિક પટેલ, આશિષ દવે, મનુભાઈ પટેલ અને સુરેશ મહેતાએ સરકારે નવ વખત દરખાસ્ત મોકલી છે પણ કેન્દ્ર સ્વીકારતુ નથી ત્યારે તમે તમારી રાજકીય વગ વાપરો એવો આગ્રહ કરી કોર્પોરેશનની રચના પહેલાં દિલ્હી દરબારમાં કરેલી વાતો યાદ કરાવી હતી.

પ્રસ્તાવ પર કેમ કોઈ નિર્ણય ના લેવાયો તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મેયરે જણાવ્યું હતું કે અમે માત્ર આ મુદ્દે ચર્ચા કરવા જ સંમતિ આપી હતી એટલે સ્વીકાર કે અસ્વીકારનો મુદ્દો ઉપસ્થિત થયો નથી.

### પુનઃ નિયુક્તિ...

● પહેલા પાનાનું ચાલુ

આ પછી સભાનું કામકાજ તેમણે શરૂ કર્યું હતું. જો કે વિપક્ષી સભ્ય આશિષ દવેએ ઉભા થઈ સફાઈનો મુદ્દો તેમજ અન્ય એક મુદ્દો

ઉપસ્થિત કરવાનો પ્રયાસ કર્યો હતો. સફાઈના મુદ્દે શ્રી દવેએ જણાવ્યું હતું કે એક પણ સભ્ય તેમના વોર્ડમાં સફાઈ સારી થતી હોવાનું છાતી ઠોકી કહી શકે તેમ નથી તેથી તેની ચર્ચા અગ્રતાના ધોરણે હાથ ધરવી જોઈએ. તેમણે જાહેરમાં કચરો બાળવાની પ્રવૃત્તિના ફોટોગ્રાફસ પણ બતાવ્યા હતા.

આ મુદ્દે પ્રવિણ પટેલે વિરોધ કરી જણાવ્યું હતું કે તસ્વીરોનું પ્રદર્શન કરી શકાય નહિ અને મેયરે જયારે સભાને અંતે વિપક્ષની રજુઆતો સાંભળવામાં આવશે તેમ કહ્યું છે તો તેમણે શાંતિ રાખવી જોઈએ. આ પછી કોંગી સભ્યોએ પણ હો-હા કરી મુકી હતી.

### શ્રુતિ બંધનમ્ (પાના નં. ૪ નું ચાલુ)

**સ્વીટ રેઈન :**

'હું જયારે સુખના ઓડકાર ખાઉં છું ત્યારે, મારી આંખો વૈભવથી અંજાઈ જાય છે અને હૃદય ધબકારો ચૂકી જાય છે...! મારા આ ભોગ વિલાસી અકરાંતિયાપણાને લીધે હું 'એક માણસ' તરીકે મૃત્યુ પામું છું'

**- 'સુખને અવસર તો આપો'**

**- અનુ. રમેશ પુરોહિત**

### નીટનો બહિષ્કાર...

● પહેલા પાનાનું ચાલુ

ક્વોટા ગુજરાતના વિદ્યાર્થીઓને ફાળવવામાં આવે તે જરૂરી હોવાનું જણાવી, જો આમ ન થાય તો નીટની પરીક્ષા માટે ગુજરાત સહમત નથી તેમ મંત્રીએ જણાવ્યું છે.

આરોગ્યમંત્રીએ પાઠવેલા આ પત્રમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે નીટની પરીક્ષા ગુજરાતીમાં પણ લેવાય તે અત્યંત આવશ્યક છે. ગુજરાતમાં અસરકારક તબીબી સેવાઓ પૂરી પાડવા માટે ડોક્ટરોએ ગુજરાતી ભાષા સારી રીતે જાણવી જરૂરી છે. ગુજરાત બહારના તબીબી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ તેમનું તબીબી શિક્ષણ પુરું કરી તેમના રાજ્યમાં પરત જાય છે તેવું માલુમ પડ્યું છે. સનદી અધિકારીની પરીક્ષા તેમજ કેન્દ્રીય કક્ષાની પરીક્ષાઓ ગુજરાતીમાં યોજાતી હોય છે ત્યારે નીટ પણ ગુજરાતીમાં યોજાવાનો નિર્ણય શક્ય તેટલો વહેલો લેવાય તે જરૂરી છે.

ગુજરાત રાજ્યમાંથી ધોરણ ૧૨ કે તેની સમકક્ષ સીબીએસસીની પરીક્ષા આપનારા ગુજરાતના જ વિદ્યાર્થીઓ માટે રાજ્યની ૮૫ ટકા બેઠકોનો ક્વોટા રાખવામાં આવે તેવી વ્યવસ્થાના આધારે મેરીટ લિસ્ટ બને તે પણ જરૂરી છે.

આરોગ્યમંત્રીએ વધુમાં એમ પણ જણાવ્યું હતું કે, ડેન્ટલ, ફિઝિયોથેરાપી જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને ગુજકેટની પરીક્ષા આપવી જરૂરી છે.

### નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

*- હાથ પગના તળીયે ખૂબ પરસેવો થયો હોય તેમાં હરડે ફાયદાકર છે.*

*- કાંસાના વાટકાના તળીયે ગાયનુ ઘી લગાવીને હાથ પગનાં તળીયે ઘસવું.*

*- દૂધી, કોથમીર, ધાણા તથા દ્રાક્ષનો રસ પીવો.*

*- શતપગ્યાદી વટી વ્યક્તિના બલ અનુસાર લેવી.*

*- જેઠી મધ તથા ગોખરૂંને ભેળવીન તેનું ચૂર્ણ લેવું.*

*- ચંદ્રકલા રસ, સૂત શેખર રસ, પ્રવાલ પિષ્ટી આદિ ઠંડા યોગો વ્યક્તિના બળ મુજબ લઇ શકાય.*

*- ચંદ્રભેદન, શિતળી તથા સિત્કારી પ્રાણાયામ ખૂબ લાભદાયક છે.*

*બધા પ્રકારના ગરમ આહાર-વિહાર (અગાઉ ચર્ચા પ્રમાણેના) ત્યાગવા.*

**મો. ૯૮૭૯૪૭૧૧૪૭**